v

ॐ

ॐ ह्रीं राम, जय राम, जय जय राम

# અધ્યાત્મ લીલા ઉપનિષદ્

ॐ

सत्-चित् आत्मन्



ॐ

# પ્રસ્તાવના

પ.પૂ. પ્રભુશ્રી (શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન) રચિત્ અધ્યાત્મલીલા ઉપનિષદ્‌ના આ પાંચમાં સંસ્કરણનું પ્રકાશન કરતા અમે ધન્યતા અનુભવીએ છીએ.

પ.પૂ. પ્રભુશ્રીના સમગ્ર લખાણોના અર્કરૂપ આ અધ્યાત્મ લીલા ઉપનિષદ્ છે. તેઓશ્રીએ સ્વમુખે કહેલ છે કે, ''(મારા અવતારી કાર્ય) સત્યુગ સંસ્થાપનની આ બ્લુ પ્રિન્ટ છે'' એટલે કે સત્-સંસ્થાપન તથા સધ્ધર્મના સારરૂપે આ ભજન લખાયું છે. તેઓશ્રીની અવતારલીલાનું સંક્ષિપ્ત દર્શન આ ભજન કરાવે છે. તેમાં તેમનો ઉપદેશ તથા તત્વજ્ઞાન રહેલ છે. ભજનના પ્રત્યેક શબ્દની પશ્ચાત અધ્યાત્મનું ગહન ચિંતન સમાયેલું છે અને તેથી જીજ્ઞાસુ જ્ઞાની ભક્ત વાંચકોને તેમાંથી ઘણું પ્રાપ્ત થઈ શકે તેમ છે.

પરબ્રહ્મશ્રી વિષ્ણુ ભગવાનના મહાન અવતાર શ્રી કપિલ ભગવાને આપેલ પ્રકૃતિ-પુરૂષ વિવેક તથા પ્રકૃતિના પોતાના સત્વ, રજસ્ તથા તમસ્‌ના ગુણોનું પૃથક્કરણ કરી જે પરમજ્ઞાન આપેલ છે તેના આધાર પર જગતમાં પરબ્રહ્મ પરમાત્મા ના સત્ય અવતારો ની જ શુદ્ધ-ભક્તિ થાય તે માટે પ. પૂ. પ્રભુશ્રી એ રચેલા પરમદિવ્ય ભજનો પરમાત્માના સત્ સ્વરૂપની પ્રતીતિ કરાવે છે શિવ ભગવાનનું ભજન વાંચતાં સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે અનાર્યોના વામ શિવથી આર્યોના સત્યશિવ (દક્ષિણા-મૂર્તિ શિવ) કઈ રીતે જુદા છે. એજ રીતે પરાંબા સ્તુતિ સત્-શક્તિ (જગદંબા) નું દર્શન કરાવે છે. આમ, શાસ્ત્રો માંથી સત્ ને જુદુ પાડી લોકોને અધ્યાત્મના અર્કરૂપ પરમજ્ઞાન આપેલ છે.

આ ભજનોની સાથે ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'', બ્રહ્મમંત્રના પૂ. પ્રભુશ્રીના લખાણો શબ્દાર્થ, ભાવાર્થ, માહાત્મ્ય, રહસ્યાર્થ તથા નિદિધ્યાસન આપવામાં આવ્યા છે. તેના ચિંતનાત્મક અભ્યાસ દ્વારા મંત્રનો અર્થ, ધ્યેય, સામર્થ્ય તથા તેના મહિમાનું જ્ઞાન થાય છે. આમ, આ લખાણો મંત્રની ભવ્યતા, વ્યાપકતા, દિવ્યતા તથા મહત્તાનું દર્શન કરાવે છે.

આ સંગ્રહનો નિત્ય સ્વાધ્યાય એટલે કે 'પાઠ' પણ કરી શકાય જે આધ્યાત્મિક જીવનના ભાગરૂપે ખૂબજ સહાયરૂપ થઈ શકે. આશા રાખીએ કે પરમાત્માની કૃપાથી અધ્યાત્મ માર્ગી મુમુક્ષોઓને આ ઉપનિષદ્ અત્યંત ઉપયોગી થશે.

ॐ

## : અનુક્રમણિકા :


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આરતી | ૫ |
| ૨. | મંગલ સ્તવન્ | ૬ |
| ૩. | અધ્યાત્મ લીલા ઉપનિષદ્ | ૯ |
| ૪. | અનંત સુખધામ બાલરામ | ૧૬ |
| ૫. | સત્યયુગ ધારિન્ શ્રી રામકૃષ્ણ | ૧૯ |
| ૬. | પરાંબા મહિમન્ સ્તોત્ર | ૨૧ |
| ૭. | શુચિપ્રદા શારદાંબા | ૨૫ |
| ૮. | હે સત્ય શિવ શંકર પિતા | ૨૬ |
| ૯. | મેરે રામ તુમ્હારી જય જય હો | ૨૯ |
| ૧૦. | ૐ શિવ-ધૂન | ૩૦ |
| ૧૧. | બ્રહ્મમંત્રનો શબ્દાર્થ તથા ભાવાર્થ | ૩૧ |
| ૧૨. | બ્રહ્મમંત્રનું માહાત્મ્ય | ૩૪ |
| ૧૩. | બ્રહ્મમંત્રનો રહસ્યાર્થ | ૩૭ |
| ૧૪. | બ્રહ્મમંત્રનું નિદિધ્યાસન | ૪૧ |
| ૧૫. | પ્રાર્થનોપનિષદ્ | ૪૪ |
| ૧૬. | અવતારના આધ્યાત્મિક ઉપદેશ | ૪૭ |



**પ્રકાશક :-**
શ્રી આત્મન્ ભગવાન
ચેરીટેબલ ટ્રસ્ટ

**પ્રાપ્તિસ્થાન :-**
સત્યયુગ શ્રી રામજી મંદિર
શ્રી ન્યાલભકત અન્નક્ષેત્ર
બાળ અદાલત સામે, ગોંડલ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૨.
ફોન : ૨૨૨૩૯૫૦
આવૃતિ : પાંચમી
પ્રત : ૧૦૦૦


आत्मानुस्मृति




परा–जागृति
श्री सत्–चित–आत्मन्


**મુદ્રક :-**

અનંત પંચમી,
શ્રી શ્રાવણ સુદ પાંચમ વિ.સં.-૨૦૭૦,
તા. ૦૧-૦૮-૨૦૧૪

પડતર કિંમત : રૂ.
વેચાણ કિંમત : રૂ.

**કોમ્પ્યુટર ડીઝાઈનીંગ :-**
સ્વસ્તિક ગ્રાફિક્સ
૨૨૮-ગોલ્ડન પ્લાઝા, ટાગોર રોડ,
રાજકોટ-૨. મો. ૯૬૩૮૩૮૩૯૫૬

**સહયોગ :-**
નંદિતા ગ્રાફિક્સ
બેકબોન શોપિંગ સેન્ટર, રાજકોટ.
હિરેનભાઈ- ૯૮૯૮૬ ૮૧૬૨૭

**ચિત્ર :-** બ્રહ્મકિરણ


ॐ
नमः
परमात्मने
श्रीरामकृष्णाय
सत्ययुग–धारिणे
नमः
सत्-नैतिकता आध्यात्मिकता
परित्राणाय ह्रीं ऋतम् निर्मूलाय च अनृतम् ।
सद्धर्म संस्थापनार्थाय योऽवतीर्णाऽवनीतटे ॥
श्री सत्-चित्-आत्मन्
હ્રીઁ ઋત્‌ની સંરક્ષા અર્થે, અસત્‌ના નિર્મૂલન કાજે,
સદ્ધર્મના સંસ્થાપન માટે,
અવતર્યા જેઓ અવની તટે.

ॐ

नमः

परमात्मने

श्री बालरामचन्द्राय

सत्–परब्रह्मणे

नमः

सत्यं च शिवं च शुचित्वं


इत्येव सुंदरम् तदेव अध्यात्मम्

श्री सत्-चित्-आत्मन्

(નૈતિક-આધ્યાત્મિક) સત્યતા તેમજ પાવિત્ર્યતા કલ્યાણતા

આ પ્રમાણે જ (વસ્તુ અથવા વ્યકિત) સુંદર છે,

તે (સત્-સૌંદર્ય) જ અધ્યાત્મ (છે).


ૐ હ્રીં રામ જય રામ જય જય રામ
પરમાત્મન્
શ્રી સત્-ચિત્-આત્મન્



ॐ


# આરતી

ૐ સ્થાપકાય સદ્ધર્મસ્ય, સર્વ સુધર્મ સ્વરૂપિણે,
અવતાર વરિષ્ઠાય, અધ્યાત્મ-વિજ્ઞાન અધીષ્ઠાય,
શ્રી રામકૃષ્ણાય સત્યયુગ-ધારિણે નમઃ
ભક્ત સંગે, દિવ્ય ઉમંગે ગૌર રંગે હરિ....

કરૂણાત્મકં બ્રહ્મ, અધ્યાત્મ-સલીલમ્,
કૃત-સ્થાપનાર્યૈ, ધૃત વર્મનં વૈ;
તત્ સત્ બ્રહ્મ-રૂપાય, ચિદ્ઘન-સ્વરૂપાય,
પરમાત્મને શ્રી સત્-ચિત્-આત્મને્ નમઃ

'સત્યં, કરૂણા, સત્કર્તવ્યં, બ્રહ્મમંત્ર ધ્યાનમ્ પાવિત્ર્યમ્',
કૃતયુગ-ઋતવિશ્વસ્ય ચિન્મય-માર્ગઃ બૃહત્ વરમ્,
સદ્ભક્તિં, સમ્યક્ જ્ઞાનમ્, અધ્યાત્મયોગ પ્રદાયકમ્,
માયામુકત શુદ્ધ જીવનસ્ય બ્રહ્મજયોતિઃ સંવિત્ પરમ્.

પરિપ્રધ્વંસકઃ પ્રલય-બંધાનામ્,
સત્-સંસ્થાપકઃ સમગ્રાવન્યામ્,
બૃહત્ બ્રહ્મમંત્રઃ અધ્યાત્મ-ધર્માનામ્,
ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ.



ૐ

# મંગલ સ્તવન

મંગલ વર્ષ્મન્, અમંગલહારી,
બાલ રામ ઋત-વિશ્વ વિહારી !

સત્યયુગ-રૂપમ્, અનંત અનુપમ;
સચ્ચિદાનંદ, બ્રહ્મ-સ્વરૂપમ્.

મંગલ વદનં, અમંગલહારી,
બાલ રવિઃ કૃત-પ્રત્યૂષકારી.

મંગલ ચરિતં, અમંગલહારી,
બ્રહ્મ સલીલમ્, સત્-સુખકારી.

મંગલ સ્તવનં, અમંગલહારી,
પરમ પવિત્રમ્ પાવનકારી.






વિપ્ર ધેનુ સુર સંત હિત, લીન્હ મનુજ અવતાર,
નિજ ઈચ્છા નિર્મિત તનુ, માયા ગુન ગો પાર.

ॐ

# અધ્યાત્મ-લીલા ઉપનિષદ્

ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા બ્રહ્મ નયન - અભિરામ! નીરખવા..

સરયુ તીરે, સ્તુન્વન્ નીરે, વ્યુષિત અયોધ્યા ધામ;
આદિત્ય-ભવને, આનંદ-વદને, ખેલે ચિદ્‌ઘન રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ;
નીરખવા ઉદિત ચૈતન્ય રામ !

વ્યોમ-નીલમ્ વિમલ-દિવ્યમ્, વપુસ્સલીલમ્, રામ;
અદ્‌ભુત-રૂપમ્, બાલ અનુપમ, નામ, નિરુપમ 'રામ' !
ચલો રે મન સાકેતપુરી ધામ;
નીરખવા સત્-સમુદ્‌ભવ રામ !

સુષમ, રોચન કરુણા-લોચન, અનંત-દર્શનધામ;
વદન-પદ્મ, પાવિત્ર્ય-સદ્મ, અર્ચિસ્ નિઃસીમન્, રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ;
નીરખવા બ્રહ્માત્મ-મૂર્તિ રામ !

અનઘ-ઉચિત વસ્ત્ર-વિભૂષિત, તિલક રુચિત, રામ;
ચૈતન્ય-સ્પર્શિત, દિવ્ય-સુવાસિત માલા-ભૂષિત રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ;
નીરખવા ઇષ્ટ અભીપ્સિત રામ !

અરુણ કોમળ શ્રીકરકમળ, કૃપા-કરુણાન્વિત રામ;
ચરણ સુંદર, ગતિ મનોહર, હંસ અલૌકિક રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ;
નીરખવા શુદ્ધાત્મ-સૌંદર્ય રામ !



ૐ



મરક મરક હસી બુલાવે, શુચિસ્સરોવર રામ;
પ્રણવ-સુંદર શબ્દ સુનાવે, હંસ દિવ્યાંબર રામ;
બુલાવે...તુરીયેંદીવર રામ!
આજ મને સૂઝે નહીં કંઈ કામ,
બુલાવે ચિત્-વિહંગમ રામ,
બુલાવે...અનંત-સંગમ રામ !
કરુણા-સ્પંદન, કૌશલ્યા-નંદન, વિશ્વાત્મ-વંદન રામ,
આનંદ-દોલે, આત્મ-હિંદોલે, ઝૂલે પરોરજસ્ રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા બાલ-મહેશ્વર રામ !
સ્ફુટ-દંતક, શિર-શિખણ્ડક, ચિદ્ભાવ-ચંદ્રક રામ;
બહિર્દ્વિભુજ, હૃદિ ચતુર્ભુજ, જયોતિરાજ્ઞામ્બુજ રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા આરાધ્ય આત્મન્ રામ !
નિત્ય-નવસુંદર, નિસ્તમસ્ક-કુંજર, મન-મનોહર રામ;
નવનીત-મોદન, નૃત્ય-વિનોદન, ઉત્સ-દિવ્યોદન્ રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા આનંદ-બ્રહ્મન્ રામ !
પરમ દ્યોતન, સૂર્ય સુશોભન, વિદ્વૈકુંઠ-વ્યોમન્ રામ;
ચરણ-દર્શન ચૈતન્યાકર્ષણ, શુદ્ધસત્વ-વર્ષ્મન્ રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા અધ્યાત્મ-જયોતિઃ રામ!
વિશુદ્ધ-વારિજ, અખંડ ઉદ્ભિજ્જ, સ્વરૂપ-સરસિજ રામ;
કરુણા-પ્રવૃત્ત, સુગુણ સંવૃત્ત, પરમ પ્રાદુર્ભૂત રામ !
ચલો રે મન સાકેતપુરી ધામ,
નીરખવા પ્રેમ પારમાર્થિક રામ !



ॐ



હૃદય-વીણા હસી બજાવે હૃદિ પ્રતિષ્ઠિત રામ,
વિરહ-બંસીનાદ સુનાવે આત્મ-અધિષ્ઠિત રામ;
બુલાવે...બ્રહ્મ ગુણાતીત રામ !
આજ મને સૂઝે નહીં કંઈ કામ,
બુલાવે અનુગ્રહ - તત્પર રામ,
બુલાવે...પ્રિય પરાત્પર રામ !
દિક્-વિકાસિન્, દ્વિજ-પ્રહાસિન્, અનંત-આસીન રામ,
ચિદ્ભ-વાસિન્, ભર્ગ-પ્રવાસિન્, ઈષ્ટ ઉદાસીન રામ;
બુલાવે વૈવિકત્ય-વર્તિન્ રામ.
હૃન્મન-હારિન્, ચૈતન્ય-ચારિન્, ઋત-વિહારિન્ રામ,
અધ્યાત્મ-ગામિન્ સત્-અંતર્યામિન્, પ્રજ્ઞાન-પાવિન્ રામ;
બુલાવે પરમ-પ્રવર્તિન્ રામ !
અજ્ઞાન-હારિન્, ધૈર્ય-ધારિન્, કરુણા-કારિન્ રામ,
અભય-દાયિન્, પ્રેમ-પ્રદાયિન્, નવ-વિધાયિન રામ;
બુલાવે પાવિત્ર્ય-વર્તિન્ રામ !
આત્મ-કર્ષિન્, અમૃત-વર્ષિન્, પરમ-દર્શિન્ રામ,
તુરીય-ભાષિન્, તિમિર-નાશિન્, તત્ત્વ પ્રકાશિન્ રામ;
બુલાવે અખંડ-પ્રવર્તિન્ રામ !
બ્રહ્માત્મ-ધારિન્, ચિન્માત્ર-સારિન્ કૃત્સ્નાત્મ-કારિન્ રામ,
સત્-શ્રદ્ધાસ્યંદિન્, હત્પ્રજ્ઞાસ્પંદિન્, નિર્ગુણ નંદિન્ રામ,
બુલાવે વિજ્ઞાન-વર્તિન્ રામ !





ॐ

ચૈતન્યબંસી-નાદ સુનાવે બાલ ચિદાનંદ રામ,
અધ્યાત્મ-ઊર્મિ-ઉત્સ સ્ફુરાવે, દિવ્યકૃપાકંદ રામ;
બુલાવે...સચ્ચિદાનંદ રામ !

આજ મને સૂઝે નહીં કંઈ કામ,
બુલાવે અનંત આત્મન્ રામ;
બુલાવે...મોક્ષ-મહાશ્મન્ રામ !


હૃદ્-નિર્મુકતક, પ્રજ્ઞા-પ્રત્યૂષક, અર્ક, અકંદર્પ રામ,
સત્-દહર-દ્યુતિ, સ્વરૂપ-સંસ્મૃતિ, આત્માનુભૂતિ રામ;
બુલાવે ચિજ્જયોતિર્વર્ત્મન્ રામ !

શોક-મોચન, મોહ-વિમોચન, કમલ-લોચન રામ,
અનૃત-ધાવન, અમૃત-ભાવન, પરમ પાવન રામ;
બુલાવે મુક્ત બ્રહ્મોદન્ રામ !

બંધ-ભંજન, અવબોધ-અંજન, સુહૃદ્-નિરંજન રામ,
ઉત્પ્રાણ-સ્પંદન, ચિત્સુખ-ચંદન, નિષ્કામ-નંદન રામ;
બુલાવે પ્રેમ-પરવ્યોમન્ રામ !


કરુણા-પ્રિય, શુદ્ધાત્મ-સ્વીય, સતત સ્મરણીય રામ,
આર્ષાત્મ-જ્ઞેય આત્યંતિક ધ્યેય, આદ્ય, અપ્રમેય રામ;
બુલાવે અનુગ્રહ-વર્ષ્મન્ રામ !

જ્ઞાન-આરાધિત, સત્ય-સંસેવિત, પ્રેમ-પરીપ્સિત રામ,
અનંત, શાશ્વત, ઋત-લીલાત્મક, વિશ્વ-વિનાયક રામ;
બુલાવે સત્-પરિબ્રહ્મન્ રામ !



ૐ

આનંદ વૃષ્ટિ કરી બુલાવે, અમૃત-પયોધર રામ,
અધ્યાત્મ - દૃષ્ટિ દઈ બુલાવે, ચૈતન્ય ભાસ્વર રામ;
બુલાવે દિવ્યરત્નાકર રામ !
આજ મારે કરવું એક જ કામ,
જવું રે મન, આત્મ-અયોધ્યા ધામ,
નીરખવા બ્રહ્મ નયન-અભિરામ !
સત્-સરયુ તીરે, નિર્વિકલ્પ નીરે, શાશ્વત સાકેત-ધામ,
વિદ્દ્રુમ-વૃંદે, અખંડ આનંદે, નાચે અનંતઘનશ્યામ !
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ !
આર્ષ, પારચિષ્ણુ, પાર્શ્વ, બાલવિષ્ણુ, પરબ્રહ્મ ચતુર્ભુજ રામ,
તારવિશ્વ તાલે, ચંદ્રમસ્ ચાલે, નાચે સ્વયં જયોતિઃશ્યામ !
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ !
શુદ્ધાત્મ-સુષમા, પ્રેમ-પરભૂમા – પરમાત્મ-મૂર્તિ રામ,
સ્વ-સ્વરૂપ તુર્યે, શુચિર્માધુર્યે નાચે સંવિદ્ સ્મિત શ્યામ !
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ !
ચિદ્ઘન લટકે, પ્રજ્ઞાન પ્રગટે, વિકસે વિવેક અવિરામ,
પદ-પાવન સ્પર્શે, હ્રીં- માંગલ્ય વર્ષે, હર્ષે ઋતવૈકુંઠ ધામ !
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ !
તારકિત કુંજે, ઉદ્ગીથ ગુંજે, નાચે કૃત-કરુણાત્મક રામ,
અવ્યક્ત હૃદયે અખંડ-ઐશ્વર્યે, સ્પર્શે સત્-સંકલ્પક શ્યામ !
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ !



ॐ



સ્રષ્ટાત્મા નાચે, સત્-સૃષ્ટિ નાચે, નાચે સર્જન-પ્રવિષ્ટ શ્યામ,
ચૈતન્ય-હિલ્લોલે, કારુણ્ય-કલ્લોલે, ડોલે ઉત્થિત વિશ્વધામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

ઉદ્‌બોધ-સાજે, ત્રૈલોક્ય ગાજે, મોક્ષ-રવિ રાજે રામ,
અધ્યાત્મ-સૂરે, બ્રહ્મ-ઉષસ્ સ્ફુરે, પરમાર્થ પૂરે શ્યામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

કૃત-વેદાનંદે, બુદ્ધબ્રહ્મા વંદે, ઋત-વિવેકકંદે શ્યામ,
સત્-શિવકૈલાસે, ચિદ્દિવ્ય-ઉલ્લાસે, ભાસે કૃત્સ્ન કેવલ રામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

સુર, મુનિવર, વિશ્વ ચરાચર, પૂજે પરાવર રામ,
કીર્તન ખોલે, ભક્તજન બોલે, ''સત્યયુગાત્મન્ શ્યામ!''
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

ભુવન ભુવને, સ્તોત્ર-સ્તવને, અખંડ અર્ચયન્ રામ,
પાવિત્ર્ય-પુંજે, કૈવલ્ય-કુંજે, નાચે સત્-પરબ્રહ્મન્ શ્યામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

અધ્યાત્મ-અવધિ, આનંત્ય-વ્યવધિ, મોક્ષ-મહોદધિ રામ,
અનંત કોટિ બ્રહ્માંડ-જયોતિઃ, આદિત્ય-મૂર્તિ શ્યામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!



ॐ

સર્વ-વ્યાપિન્, સર્વ-કાલિન્, સુહૃદ્-સાક્ષિન્ રામ,
સદ્ધર્મ-રૂપિન્, શિવ-સ્વરૂપિન્ સત્-સંરક્ષિન્ શ્યામ!
જય જય સચ્ચિદાનંદ રામ,
જય જય સચ્ચિદાનંદ રામ!

જય જય સત્, સુગુણ, સાકાર;
ચૈતન્ય, નિર્ગુણ, નિરાકાર;
આનંદ, અખંડ, નિર્વિકાર;
આત્મન્, અવિદ્યા, માયા પાર;
વિષ્ણો, વિમલવિશ્વ-આધાર!

જય જય તપ પરં અપાર;
તુરીયે, તમ-રજ-ભંજનહાર;
કારુણ્ય, અનંત, અપરંપાર;
પાવિત્ર્ય, ત્રૈલોક્ય-તારણહાર;
શંભો, શુદ્ધ બોધ-આધાર!

જય જય પરમ બ્રહ્મ-અવતાર,
ચિદ્ઘન, અધ્યાત્મ-લીલાકાર;
ઋતમન, વિશુદ્ધપ્રેમ-વિસ્તાર;
ભગવન્, નિર્વાણશાંતિ-દ્વાર;
બ્રહ્મન્, સત્-સંસ્થાપનકાર!

જય જય પરમ સાક્ષાત્કાર,
સત્-અધ્યાત્મ-જયજયકાર! સત્-અધ્યાત્મ...



ॐ

# અનંત સુખધામ બાલરામ !

મોરે હૃદયમેં છબી બસ ગઈ રે,
　　બાલ રામ, બ્રહ્મ રામ! બાલ રામ...

આનંદ-રૂપમ્, ઈષ્ટ-સ્વરૂપમ્,
અવર્ણ્ય સુખદમ્, બ્રહ્મ રામ.
　　બાલ રામ, બ્રહ્મ રામ! મોરે હૃદયમેં...

પવિત્ર ગુણવૃંદ, સચ્ચિદાનંદ,
પરમ કૃપાકંદ, બ્રહ્મ રામ.
　　બાલ રામ, બ્રહ્મ રામ! મોરે હૃદયમેં...

સબદુઃખ-મોચન, દ્વંદ્વ-વિમોચન,
સરસિજ-લોચન, બ્રહ્મ રામ.
　　બાલ રામ, બ્રહ્મ રામ! મોરે હૃદયમેં...

ચિત્ત-વિનોદન, હૃદ્-શુદ્ધોદન્,
અનંત ચિદ્ઘન, બ્રહ્મ રામ.
　　બાલ રામ, બ્રહ્મ રામ! મોરે હૃદયમેં...



ૐ



ચિત્ બ્રહ્માત્મક ઋત્ લીલાત્મક ૐ રામલાલા શ્રી હરિ (શ્રી રામનવમી દર્શન)


'ઈશ્વર પ્રાપ્તિજ માનવ જીવનનો ઉદ્દેશ છે'
ॐ
સત્યના પાલન વિના ઈશ્વર પ્રાપ્તિ શક્ય નથી
'સત્યનું પાલન એ કલિયુગની તપસ્યા છે.'
સત્યયુગ ધારિન્ શ્રી રામકૃષ્ણ પરમાત્મન્

ॐ

# સત્યયુગ–ધારિન્

# શ્રી રામકૃષ્ણ પરમાત્મન્


ભજો રે મન રામકૃષ્ણ હરિ, જપો રે મન રામકૃષ્ણ હરિ.
કોમળ, પ્રેમળ ચરણકમળ,
દ્રવિત હૃદયે ધરી......ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

કરૂણા-સિંધુ, શરણ-બંધુ, શ્રી રામકૃષ્ણ હરિ;
પતિત-પાવન અધમ-ઉદ્ધારણ, ઈશ અવતીર્ણ હરિ.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

પુરુષ-રૂપમ્, બ્રહ્મ અનુપમ, શ્રી રામકૃષ્ણ હરિ;
જગત-ધાતા, મુક્તિ-દાતા, સત્ય-પ્રવર્તક હરિ.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણચંદ્ર, શ્રી રામકૃષ્ણ હરિ;
કૃપા અપારે, સ્વયં તારે પુનઃ પુનઃ અવતરી.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

ભક્ત સંગે, દિવ્ય ઉમંગે, ગૌર રંગે હરિ;
ઈષ્ટ ભાવે, પાન કરાવે, પ્રેમ રસ ભરી ભરી.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.



# ॐ



ત્યાગ-ઈશ્વર, યોગ-ઈશ્વર, શ્રી રામ કૃષ્ણ હરિ;
ભાવ-ઈશ્વર, બોધ-ઈશ્વર, દક્ષિણેશ્વર હરિ.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

શરણ-ત્રાણ, પુરૂષ પુરાણ, શ્રી રામકૃષ્ણ હરિ;
સર્વ ધર્મ-પરમ મર્મ, સચ્ચિદાનંદ હરિ.
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

સ્તવ્ય મનોહર, બ્રહ્મ-સરોવર, હંસ અદ્‌ભુત હરિ;
પરમ સુહૃદ્ શ્રીમદ્ કથામૃત, વિવેક-વિશ્રુત કરી,
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

ચિદાકાશે નિત્ય પ્રકાશે, सः एव સાક્ષાત્ હરિ;
શુદ્ધ હૃદયે પ્રેમ ઉદયે દિવ્ય દર્શન કરી,
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

શરણ લઈને, હૃદય દઈને ભજો દયામય હરિ;
જપતાં, સ્મરતાં, ભજન કરતાં, જવું રે ભવ-ભય તરી,
ભજો રે મન રામકૃષ્ણ હરિ,
જપો રે મન રામકૃષ્ણ હરિ.

અધ્યાત્મ-દૃષ્ટિ કરી,
ભજોરે મન રામકૃષ્ણ હરિ, જપોરે મન રામકૃષ્ણ હરિ,
સ્મરો રે મન રામકૃષ્ણ હરિ.



ૐ

# પરાંબા મહિમન્ સ્તોત્ર

યા દેવી સર્વ ભૂતેષુ સન્માતૃરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ પરાંબાયૈ નમો નમઃ ૧

યા દેવી સર્વ ભૂતેષુ કરૂણારૂપેણ સંસ્થિતા !
નમસ્તયૈ નમસ્તસ્યૈ આરાધ્યમય્યૈ નમો નમઃ ૨

યા દેવી સર્વ ભૂતેષુ અહિંસારૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ વિશ્વાશ્રયાયૈ નમો નમઃ ૩

યા દેવી સર્વ ભૂતેષુ ગોમાતૃરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ અન્નપૂર્ણાયૈ નમો નમઃ ૪

યા દેવી સર્વ ભૂતેષુ શુચિસ્રૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ બ્રહ્મચારિણ્યૈ નમો નમઃ ૫

યા દેવી સર્વ ભૂતેષુ તુલસીરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ પાવન્યૈ નમો નમઃ ૬

યા દેવી ભૂતેષુ ગંગારૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ મહાપાવિન્યૈ નમો નમઃ ૭


યા દેવી સર્વ ભૂતેષુ સુતપસ્રૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ આર્ષપાર્વત્યૈ નમો નમઃ ૮

યા દેવી સર્વ ભૂતેષુ સદ્ધર્મરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ અધ્યાત્મમય્યૈ નમો નમઃ ૯



ॐ

યા દેવી સર્વ ભૂતેષુ સત્-સ્વરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ મહાસત્યૈ નમો નમઃ ૧૦
યા દેવી સર્વ ભૂતેષુ વાત્સલ્યરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ શારદાંબાયૈ નમો નમઃ ૧૧
યા દેવી સર્વ ભૂતેષુ શુદ્ધસત્ત્વરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ મહાપુણ્યાયૈ નમો નમઃ ૧૨
યા દેવી સર્વ ભૂતેષુ ઋતરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ જગત્-ધાત્ર્યૈ નમો નમઃ ૧૩
યા દેવી સર્વ ભૂતેષુ હ્રીં-રૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ મહા-અદિત્યૈ નમો નમઃ ૧૪
યા દેવી સર્વ ભૂતેષુ સત્-શ્રીરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ કૃતમહાલક્ષ્મ્યૈ નમો નમઃ ૧૫
યા દેવી સર્વ ભૂતેષુ ઋતયજ્ઞરૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ કલ્યાણકાલ્યૈ નમો નમઃ ૧૬
યા દેવી સર્વ ભૂતેષુ શુદ્ધપ્રજ્ઞારૂપેણ સંસ્થિતા !
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ સત્-સરસ્વત્યૈ નમો નમઃ ૧૭
અમાયા, અકામાક્ષિ, અનવિદ્યા, અમોહિની !
અહિંસાત્મિકા, સદાસૌમ્યા, પૂર્ણાંબાયૈ નમો નમઃ ૧૮
આત્મજ્યોતિં, પરાશાન્તિં, હૃદ-પ્રજ્ઞાં પ્રદાયિની !
બ્રહ્મવિદ્યા સ્વરૂપિણ્યૈ, મહાસત્-શક્ત્યૈ નમો નમઃ ૧૯



ॐ

सत् श्रध्धा
ब्रह्म निष्ठा

યા દેવી સર્વ ભૂતેષુ સન્માતૃરુપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ પરાંબાયૈ નમો નમઃ

निष्कामता
अनन्यता

પ
રા
શકિત

પવિત્રતા

સ
ત્
પરાયણતા

સ
ત્
શકિત




પ
રા
ભકિત

કારુણ્યતા

સ
ત્
સભાનતા

શુ
દ્ધ
ભકિત

અમાયા, અકામાક્ષિ, અનવિદ્યા, અમોહિની !
અંહિસાત્મિકા, સદાસૌમ્યા પૂર્ણાંબાયૈ નમોનમઃ
આત્મજયોતિં, પરાશાન્તિં હૃદ્-પ્રજ્ઞાં પ્રદાયિની !
બ્રહ્મવિદ્યા સ્વરુપિણ્યૈ, મહાસત્-શક્ત્યૈ નમોનમઃ




**(અરાજક) ઈન્દ્રિયોના (સમગ્ર) બળ કરતા**
**ઈશ્વરનું નામ વધુ શક્તિશાળી છે.**

ૐ

# શુચિપ્રદા શારદાંબા

એક વાર બિરાજો પરાંબા, પવિત્ર હૃદય-આસને,
તમારા ચિન્મય, પ્રેમળ ચરણકમળ, અર્ચી લઉં અખંડ મને;
બિરાજો પરાંબા પવિત્ર હૃદય-આસને...


તમે પ્રકાશપૂર્ણા મા, આદ્યશકિત સુહૃત્તમા,
વિશુદ્ધ પદ્મે તમે પ્રજ્ઞા, તમે સત્ય શારદામા !
એકવાર બિરાજો પરાંબા...

તમે આર્ષ ગાયત્રી, ઋત-સાવિત્રી, બોધ-સરસ્વતી,
તમે પરાત્મ-દ્યુતિ, સ્વરૂપ-સ્મૃતિ, પાવિત્ર્યાનુભૂતિ !
એકવાર બિરાજો પરાંબા...

તમે સત્-સ્વરૂપા, દિવ્યાનુકંપા હ્રીં પરાત્પરા,
તમે વિશિષ્ટ વંદ્યા, વિશુદ્ધ અંબા, જ્ઞાનમયી ગંગા !
એકવાર બિરાજો પરાંબા...

તમે અનવિદ્યા-કાલી, અધ્યાત્મ-લક્ષ્મી, દુર્ગા સાત્ત્વિકી,
તમે તુરીયા શકિત, પરાભકિત, મુકત મહાસતી !
એકવાર બિરાજો પરાંબા...

તમે ભવ-તારિણી, કૃત-કારિણી, સદ્ધર્મ-ધારિણી,
તમે વાત્સલ્ય-વદના, કારૂણ્ય-નયના, પરમ વંદના !
એકવાર બિરાજો પરાંબા, પવિત્ર હૃદય-આસને.
તમારા ચિન્મય, પ્રેમળ ચરણકમળ, અર્ચી લઉં અખંડ મનેઃ
બિરાજો પરાંબા પવિત્ર હૃદય-આસને.



ॐ



# હે સત્ય શિવ, શંકર પિતા !

હે સત્ય શિવ, શંકર પિતા,
તપત્યાગરાજ નમો નમઃ
સત્-સૃષ્ટિ શાસ્ત્રક રચયિતા! તપત્યાગરાજ...

ચિદ્દિવ્ય ભાવ અધ્યાત્મના,
સ્ફુરે ઉરે પરિબ્રહ્મના,
બની નિત્ય શબ્દ સદ્ધર્મના! તપત્યાગરાજ...

શુચિર્જાહ્નવી જુટ મુકુટમાં,
ચિદ્બ્રહ્મ-જ્યોતિ લલાટમાં,
હૃદ્-બાલચંદ્ર ભાલાભ્રમાં! તપત્યાગરાજ...

પરિદિવ્ય વસ્ત્ર પરિધાનમાં,
આર્ષાસને અભિધ્યાનમાં,
નિત્ય નિમગ્ન વિશ્વકલ્યાણમાં! તપત્યાગરાજ...

શિવ, - સત્યલોક - વૈકુંઠનાં,
બ્રહ્મ કુસુમ – માલા કંઠમાં,
અર્ચયન્ અખિલ બ્રહ્માંડમાં! તપત્યાગરાજ...

હે સત્ય શિવ, શંકર પિતા,
તપત્યાગરાજ નમો નમઃ
સત્-સૃષ્ટિ શાસ્ત્રક રચયિતા! તપત્યાગરાજ...



ॐ ह्रीं राम, जय राम, जय जय राम



સત્-મહેશ્વર, દક્ષિણામૂર્તિ શિવ શ્રી શંકર ભગવાન

ॐ



ધર્મમર્યાદા-પુરૂષોત્તમ, પૂર્ણાવતાર શ્રી રામ પરમાત્મન્

ॐ

# જય જયકાર !

મેરે રામ તુમ્હારી જય જય હો,
જય જય હો, તુમ્હારી જય જય હો,
મેરે રામ તુમ્હારી જય જય હો !

અમિત જય હો, અવિરત જય હો...
મેરે રામ તુમ્હારી જય જય હો !

તવ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ મેં ધ્યાવું,
શ્રદ્ધા-ભક્તિ કી સરિત વહાવું,
શિશુગંધર્વ બની સદા સુનાવું,
મેરે રામ તુમ્હારી જય જય હો !

અનંત જય હો, અનંતર જય હો,
મેરે રામ તુમ્હારી જય જય હો !

મોહ-માયા કા મુકુટ નકારું,
શુદ્ધ ભક્તિ કે દાન સ્વીકારું,
પૂર્ણ પ્રેમસે સદા પુકારું,
મેરે રામ તુમ્હારી જય જય હો !

પવિત્ર જય હો, પરાત્પર જય હો,
મેરે રામ તુમ્હારી જય જય હો !



ૐ

## ધૂન

ૐ શિવ, ૐ શિવ, સત્ય-સદાશિવ,
મુક્ત-મહાશિવ, તવ શરણમ્.
ૐ શિવ, ૐ શિવ...
નમામિ શંકર, ભજામિ શંકર,
નિત્ય નિરંતર, તવ શરણમ્.
નમામિ શંકર...
ૐ શિવ, ૐ શિવ, સૌમ્યસદા-શિવ,
મોક્ષ-મહાશિવ, તવ શરણમ્.
ૐ શિવ, ૐ શિવ...
નમામિ શંકર, ભજામિ શંકર,
બ્રહ્મ-મહેશ્વર, તવ શરણમ્.
નમામિ શંકર...
ૐ શિવ, ૐ શિવ, સત્ય-સદાશિવ...

જય પરમાત્મન્ રામકૃષ્ણ,
જય જગદંબા શારદા,
જય જય શિવ વિવેકાનંદ,
ધર્મ-ધરણ મહાવીરકી,
જય જય પૂર્ણ પરિબ્રહ્મન્
શ્રી રામલાલા શ્રી હરિ!

જય પરમાત્મન્ રામકૃષ્ણ...

ૐ રામકૃષ્ણ હરિ... ૐ રામલાલા હરિ...



ॐ

## -: ॐ ह्रीं राम, જય રામ, જય જય રામ :-

## : બ્રહ્મમંત્રનો શબ્દાર્થ તથા ભાવાર્થ :

ॐ = (અ) બ્રહ્મના નિર્ગુણાતીત, નિરાકાર સ્વરૂપનો પ્રતીક

(બ) બ્રહ્મના નિર્ગુણ તથા સુગુણ ચિન્મય સ્વરૂપોનો વાચક શબ્દ

હ્રીં = (મલિનવિદ્યાત્મક, બ્રહ્મ-વિરોધિની, અવિદ્યા શક્તિ તથા સંદિગ્ધાત્મક બ્રહ્મ-નિરપેક્ષ માયિક શક્તિથી તદ્દન ભિન્ન)

બ્રહ્મની આર્ષ સંપત્તિ-પ્રદાયક શુદ્ધવિદ્યાત્મક સત્-શક્તિ

રામ = આ મંત્રમાં ત્રણ વખત ઉચ્ચારાતા બ્રહ્મના સત્ય અવતાર પરમેશ્વર શ્રી રામના દિવ્ય નામ પરથી બ્રહ્મના પર્યાય બનેલ પરમ પવિત્ર 'રામ' શબ્દના અર્થ અનુક્રમે નીચે પ્રમાણે છે :

૧. રામ = બ્રહ્મના સત્ય અવતાર (राम: साक्षात् परं ब्रह्म । श्री अध्यात्म रामायण), ચિન્મય પરાત્પર અથવા સદ્દિવ્ય વિભૂતિ સ્વરૂપ;

૨. રામ = બ્રહ્મનું નિર્ગુણ લક્ષણ-''સત્ય'' (सत्यं ज्ञानं अनंतं ब्रह्म। श्री प्रश्नोपनिषद्) ;

૩. રામ = બ્રહ્મનો સ્વભાવ-''અધ્યાત્મ'' (ब्रह्म) स्वभाव: अध्यात्मं उच्यते । - श्रीमद् भगवत् गीता).

*ॐ હ્રીં રામ, જય રામ, જય જય રામ*

*: બ્રહ્મમંત્રનો લક્ષ્યાર્થ :*

**બ્રહ્મના કેવળ નિર્ગુણાતીત નિરાકાર સ્વરૂપનાઉપાસકો માટે :**

ॐ હ્રીં રામ, = સત્-વિદ્યાત્મક, સુગુણ-નિર્ગુણ, ચિન્મયાકાર બ્રહ્મના નિર્ગુણાતીત, નિરાકાર સ્વરૂપની મને જ્ઞાનાત્મક અનુભૂતિ થાઓ.

જય રામ = સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ

જય જય રામ = ત્રણેય લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ) માં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.



ॐ

**• બ્રહ્મના સુગુણ-નિર્ગુણ ચિન્મયાકાર સ્વરૂપના ઉપાસકો માટે :-**

**ૐ હ્રીં રામ** = આર્ષ-સંપત્તિ-પ્રદાયક, સદ્‌વિદ્યાશક્તિયુક્ત મારા (પોતપોતાના) આરાધ્ય ઈષ્ટના સચ્ચિદાનંદ **બ્રહ્મ-સ્વરૂપનો** મને **સાક્ષાત્કાર,** પ્રતીતિ અથવા જ્ઞાનપ્રાપ્તિ થાઓ

**જય રામ** = **સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ**

**જય જય રામ** = **ત્રણે લોક** (પૃથ્વી અંતરિક્ષ તથા સ્વર્ગ) માં **આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.**

## બ્રહ્મમંત્રનું સ્વરૂપ

**• ઈષ્ટમંત્રનું બ્રહ્મસ્વરૂપ :**
ૐ કારમાંથી ઉદ્‌ભવેલ, અવિદ્યાત્મક, પ્રાકૃત તથા માયિક ધર્મોથી પર, ઉપર બતાવ્યા પ્રમાણે અધ્યાત્મ-ધર્મનો આ ઈષ્ટમંત્ર હોવાથી તેને બ્રહ્મમંત્ર કહેલ છે.

**• બૃહત્ બ્રહ્મમંત્ર :** સાંપ્રદાયિક ધર્મોથી પર, છતાં સર્વ ધર્મોને સદ્ધર્મના સુવર્ણ શિખર પર લઈ જનાર, પ્રત્યેક ધર્મના સત્ય ઈષ્ટને પૂર્ણ ભાવે અપનાવતો, બ્રહ્મના ચિન્મય વિશ્વવ્યાપક સાકાર તથા અનંત નિરાકાર સ્વરૂપને આવરી લેતો હોવાથી તેમજ સારાએ જગતમાં સત્યયુગ સંસ્થાપનનું બીજા રોપણ કરતો હોવાથી આ બ્રહ્મમંત્રને બૃહત્ બ્રહ્મમંત્ર કહેલ છે.

**• બ્રહ્મમંત્રની પ્રલય-નિવારણ શક્તિ :** સાથેસાથે બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ યજ્ઞ દ્વારા પ્રલયની વિનાશકારી આપત્તિઓને હઠાવવામાં સમય સમયની પ્રસંગોચિત, સામુહિક પ્રાર્થના દ્વારા મળતી સફળતા પરથી સત્યયુગ અર્થેના આ બ્રહ્મમંત્રને પ્રલય-નિવારણનો સિદ્ધ-મંત્ર પણ કહી શકાય.

### • બ્રહ્મયજ્ઞની વિશિષ્ટતા :

**બ્રહ્મયજ્ઞની શ્રેષ્ઠતા :** જેવી રીતે યજ્ઞોમાં પરિબ્રહ્મ ઈશ્વરના સત્ય સ્વરૂપના નામનો અથવા પવિત્ર મંત્રનો જપયજ્ઞ શ્રેષ્ઠ છે **यज्ञानां जपयज्ञोडस्मि** * તેવી જ રીતે જપ યજ્ઞોમાં ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ અધ્યાત્મ-મંત્રની અખંડ ધૂનરૂપ બ્રહ્મયજ્ઞ સહજ રીતે જ સર્વશ્રેષ્ઠ છે. **जपयज्ञानां ब्रह्मयज्ञोडस्मि।** આ કારણે જ આ ક્રિયાત્મક આધ્યાત્મિકતાના ઈષ્ટ-મંત્રને આ **બ્રહ્મયજ્ઞ દ્વારા આવનાર સત્યયુગનો બીજમંત્ર કહેલ છે.**

* શ્રીમદ્ ભગવદ્ ગીતા



ॐ

**• બ્રહ્મયજ્ઞની સાર્વભૌમ સર્વોપયોગિતા :**


આ વર્તમાન પ્રલયકાળ કોઈ એક દેશ અથવા ખંડ પૂરતો નહીં પરંતુ સમગ્ર જગત તેના વડે ઘેરાયેલ હોવાથી તેમજ સત્યયુગ-સંસ્થાપનનું ધ્યેય પણ સારાએ વિશ્વને સમભાવે સ્પર્શતું હોવાથી, બૃહત્ બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ-યજ્ઞની સાર્વત્રિક આવશ્યકતા સહજ રીતેજ સમજી શકાશે.

સારાએ જગતમાં સત્યયુગ-સંસ્થાપન તેમજ પ્રલય નિવારણરૂપ પરમાત્માનું પ્રવર્તમાન ઈશ્વરી કાર્ય એક અખંડ વિશ્વવ્યાપક અધ્યાત્મ-યજ્ઞ દ્વારા જ શકય છે. આ યજ્ઞપ્રવૃત્તિમાં બ્રહ્મમંત્રની વિશિષ્ટ ઉપયોગિતા તેના પ્રથમ પાદમાં આવતા પરમ પવિત્ર ''રામ'' શબ્દમાં રહેલ છે, જે શબ્દ પોતપોતાના (બ્રહ્મના સત્ય સ્વરૂપ) આરાધ્ય ઈષ્ટના પર્યાય તરીકે વપરાયેલ હોવાથી આ બૃહત્ બ્રહ્મમંત્ર દ્વારા સર્વ ધર્મો તથા સંપ્રદાયોના લોકોના પોતપોતાના સત્ય ઈષ્ટની પ્રાપ્તિ સાથે સત્યયુગ સંસ્થાપન તથા પ્રલય નિવારણનું પરમ ઉત્કૃષ્ટ ધ્યેય સારુએ જગત પ્રાપ્ત કરી શકે.

એટલે સર્વ ધર્મોના સત્ય ઈષ્ટના સાક્ષાત્કાર કરાવી શકવાની ક્ષમતા ધરાવતો, આ ક્રિયાત્મક આધ્યાત્મિકતાનો ઈષ્ટ મંત્ર, જગતમાં સત્ય-યુગના સંસ્થાપન તથા પૃથ્વી પરથી પ્રલયના નિવારણ માટે વિશેષરૂપે હોવાથી તે એક ચિન્મય સ્વયં-સંપૂર્ણ મહામંત્ર છે, જેનું પરમ મંગલકારીપણું તેના શ્રધ્ધાપૂર્વકના સતત સ્મરણ થકી અવશ્ય અનુભવી શકાય.

परिप्रध्वंसकः प्रलयबंधानाम् ।
सत् संस्थापकः समग्रावन्याम् ॥
बृहत ब्रह्म मंत्रः सत्ययुग–धर्मानाम् ।
ॐ ह्रीं राम, जय राम, जय जय राम ॥

**-પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્**



ॐ

## ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ


# બ્રહ્મમંત્રનું માહાત્મ્ય

જો કે પરાવિદ્યાના સઘળા મંત્રો સહજ રીતેજ પવિત્ર છે, તો પણ આધ્યાત્મિક દૃષ્ટિએ ઈષ્ટમંત્રોમાં ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'' બૃહત્ બ્રહ્મમંત્રનું સ્થાન હિમાલયના ઉત્તુંગ શિખરોમાં સ્ફટિકાદ્રિ (કૈલાસ પર્વત) જેવું ભવ્ય, સદ્ધર્મની સહસ્ત્ર અમૃતધારા વહાવતું પરમ પવિત્ર, ઉજ્જવલ તથા અદ્વિતીય છે.

આ અભીષ્ટ મંત્રનું અપ્રતિમ ધ્યેય આત્મ-પ્રતીતિ, પરમાત્મ-પ્રાપ્તિ તેમજ સમગ્ર જગતમાં સત્યયુગનું સંસ્થાપન હોવાથી, પરમાત્મા સાથેના સંબંધમાં, સ્વ અર્થેની સંપૂર્ણ નિષ્કામતા, પરબ્રહ્મ પ્રત્યેની પરમ અનન્યતા, તેમજ સત્યયુગ અંગેની સત્-કર્તવ્યપરાયણતા, ક્રિયાત્મક આધ્યાત્મિકતાના હાર્દરૂપ આ બ્રહ્મમંત્રના અતિ આવશ્યક અંગો છે.

ઉપરના અપૂર્વ ધ્યેયના અનુસંધાનમાં આ મંગલકારી મહામંત્રનું એક મહત્વનું કાર્ય, અધ્યાત્મની અભીપ્સા ધરાવતા સાધકોને સામાન્યતઃ તેમના ઈષ્ટના સ્વાંગમાં વચ્ચે મળી, યથાર્થ જ્ઞાનના અભાવને કારણે આધ્યાત્મિક માર્ગ પરથી વિચલિત કરી, જાણ્યે અજાણ્યે અવિદ્યાના સંસાર તરફ ફરી લઈ જનારી માયાશક્તિથી બચાવવાનું છે. આ પરમ રક્ષણાત્મક, કેવળ કલ્યાણકારી કાર્યમાં જ આ બ્રહ્મમંત્રની વિશિષ્ટતા તથા વરેણ્યતા રહેલ છે.

ઉદાહરણ તરીકે, ''ૐ નમઃ શિવાય'' જેવા પરમ પવિત્ર મંત્ર થકી પણ રાવણ જેવી વ્યક્તિ પોતાની સકામતાને કારણે વાસ્તવમાં માયિક ઇશની પ્રાપ્તિ કરી, માનવજાતિને મહાત્રાસરૂપ અત્યંત અનિચ્છનીય આસુરી શક્તિ મેળવી શકે. પરંતુ ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'' બ્રહ્મમંત્રના આંતરિક બંધારણમાંજ અવિદ્યા તથા માયાની પેલી પાર રહેલ સૌ સૌના હ્રીં યુક્ત ઈષ્ટના કેવળ બ્રહ્મ સ્વરૂપના સાક્ષાત્કારનું તથા સારાએ જગતમાં સત્યયુગ -



ॐ

સંસ્થાપનનું તેમજ ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ) માં આધ્યાત્મિકતા પ્રવર્તાવવાનું અવિચ્છિન્ન ધ્યેય સુસ્પષ્ટ તથા સતત દૃષ્ટિ સમક્ષ રહેતું હોવાથી, આ આત્મોદ્ધારક, જગત્તારક મંત્રનું ફળ પણ આત્મસાક્ષાત્કાર, પરમાત્મપ્રાપ્તિ તેમજ કેવળ વિશ્વકલ્યાણ હોય તે સ્વાભાવિક તેમજ સ્વતઃ સિદ્ધ છે.

વળી આ પ્રલય-આપદ્‌હારી★, કૃત પ્રત્યૂષકારી★★ મહામંત્રની શક્તિ કોઈ પણ પ્રકારના બાહ્યબળ, સંમોહક સૂચન અથવા માયિક પ્રચાર પર આધારિત નથી. તે તો તેની બુદ્ધિગમ્ય, ન્યાય (તર્ક) યુક્ત, આંતરિક સુસંગતતા, શુદ્ધ હૃદયજન્ય સૂનૃતતા તથા આધ્યાત્મિક પરિપૂર્ણતામાંજ રહેલ છે.

એજ પ્રમાણે ત્રણે લોકને આવરી લેતા આ બૃહત્ બ્રહ્મમંત્રની વ્યાપકતા તેના સ્થૂલ ભૌગોલિક વિસ્તાર માત્ર પર અવલંબતી નથી. તે તો સર્વ ધર્મોના સત્ય ઈષ્ટ સ્વરૂપોની સદ્ધર્મની સમ્યક્ ભૂમિકા પરની ભાવભક્તિયુક્ત પુનઃ પ્રતિષ્ઠામાં, શુદ્ધ હૃદયની સર્વત્ર-શુભ-ભાવનારૂપ વિશ્વપ્રેમાત્મક વિશાળતામાં તેમજ સુગુણ-નિર્ગુણ બ્રહ્મની પ્રત્યેક પ્રાણી પ્રત્યેની અખંડ અનુકંપામાં રહેલ છે. જયારે તેનો આત્યંતિક આધારતો નિર્ગુણાતીત, નિરાકાર ચૈતન્યની ત્રિકાલાબાધિત સત્યતા-અનંતતા, શાશ્વતતાજ છે. વળી આ બ્રહ્મમંત્રનું માહાત્મ્ય, સાધ્યની સર્વોત્તમ શ્રેષ્ઠતામાં તથા સાધનની સંપૂર્ણ શુદ્ધિમાં, આત્માના પરમાત્મા સાથેના સતત સંબંધના પ્રબંધની ક્ષમતામાં તથા સુગુણ-નિર્ગુણ બ્રહ્મના સાકાર-વિધવિધાકાર સ્વરૂપની પરમ પવિત્ર, પારલૌકિક, દિવ્ય મનોહર દર્શનીયતા, તેમજ પરાબૌધિક ચિન્મયતા-લીલામાં રહેલ છે.

ભૌતિક વિજ્ઞાનના અસાધારણ વિકાસને કારણે બાહ્ય રીતે એક બનેલ માનવ કુટુંબની આંતરિક એકતા, સમગ્ર વિશ્વના કલ્યાણમાંજ વ્યક્તિનું સર્વોચ્ચ શ્રેય અને વ્યક્તિની આધ્યાત્મિક ઉન્નતિમાંજ વિશ્વની વાસ્તવિક પ્રગતિ રહેલ છે તેવા વ્યાપક જ્ઞાન પર અવલંબતી હોવાથી સારાએ જગતમાં સત્યયુગ સંસ્થાપનના દિવ્ય-આધ્યાત્મિક

---

★ પ્રલયની આપત્તિઓ હરનાર

★★ સત્યયુગનું પ્રભાતકાળ કરનાર



ॐ

ઈશ્વરી કાર્યમાં અનિવાર્ય રીતે સંબંધ ધરાવતા વિશ્વવ્યાપક, સત્યયુગાત્મક સદ્ધર્મના આધાર તથા પ્રતિકરૂપ, એક સત્-સમ્યક્, સંપૂર્ણ, મહત્-મંત્રની પાયાની આવશ્યકતા–સર્વ શુભ મંત્રોને પોતામાં સમાવતો, સર્વના સત્ય ઈષ્ટને આત્મસાત્ (પોતાના) કરતો, સર્વ ધર્મોને સત્‌ના સુવર્ણ સૂત્રમાં ગૂંથતો–આ સર્વવ્યાપક, સત્-સંસ્થાપક બૃહત્ બ્રહ્મમંત્ર પૂર્ણપણે પૂરી પાડે છે. અને તેમાંજ તેની સર્વોચ્ચ શ્રેષ્ઠતા તથા સર્વોપરી સાર્થકતા રહેલ છે.

હરિ ૐ તત્સત્ ઈતિ માહાત્મ્યમ્

**પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્**

## "સત્-સંકલ્પ, પ્રાર્થના તથા સમજાવટની શકિત"

શુધ્ધ હૃદયની શુભ નિષ્કામ પ્રાર્થના તેમજ સત્ય, ન્યાય તથા વિવેકયુકત સમજાવટ, અણુ-વિસ્ફોટન તથા હાઈડ્રોજન-સંયોજનના સંયુકત બળ કરતાં પણ અનેક ગણી વધુ શકિતશાળી છે, અનંતગણી ઈષ્ટ ફળદાયી છે. જયાં સત્-સંકલ્પ છે, ત્યાં ઉચ્ચ સિધ્ધિ અવશ્ય છે.

**પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્**



ૐ

ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ

# બ્રહ્મમંત્રનો રહસ્યાર્થ

આ સત્યયુગના બીજ મંત્રમાં ત્રણ વખત ઉચ્ચારાતા પરમ પવિત્ર 'રામ' શબ્દના અર્થ ક્રમાનુસાર :

(૧) પરમ પરિબ્રહ્મ પરમાત્માના ચિદ્દિવ્ય સ્વરૂપ, સત્ય અવતાર (પૂર્ણ અથવા અંશ) અથવા શુદ્ધસાત્ત્વિક વિભૂતિરૂપ પોતપોતાના આરાધ્ય ઇષ્ટ


(૨) 'બ્રહ્મ' અથવા 'સત્' તથા

(૩) 'અધ્યાત્મ' છે. એટલે આ સારાએ મંત્રનો અર્થ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે. :-

ૐ = બ્રહ્મના નિર્ગુણ, નિરાકાર તેમજ સુગુણ સાકાર સ્વરૂપનો વાચક શબ્દ.

હ્રીં =(સાંસારિક ધન-સંપત્તિ તથા દુન્યવી વૈભવો અપાવનાર (સંદિગ્ધાત્મક, બ્રહ્મ-નિરપેક્ષ) માયા શક્તિ-'શ્રીં' તેમજ અંતરિક્ષના આસુરી પરિબળો થકી મનુષ્ય તથા પ્રાણી પર અનિચ્છનીય વર્ચસ્વ તથા નિમ્ન કોટિના ભોગ-વિલાસ અપાવનાર (મલિન વિદ્યાત્મક, બ્રહ્મ-વિરોધિની 'ક્લીં'થી તદ્દન ભિન્ન) પરિબ્રહ્મ ઈશ્વરની સત્-સંપત્તિ સંવર્ધક દિવ્ય વિદ્યાશક્તિ

રામ = પરમ પરિબ્રહ્મ, પરમ સત્યનારાયણ, શ્રી અનંત વિષ્ણુ પરમાત્મન્ - ; સત્યયુગાવતાર પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્; ચિદાદિત્યમૂર્તિ શ્રી સૂર્યનારાયણ; કૈવલ્યમૂર્તિ શ્રી બદ્રિનારાયણ; ચિત્-વિજ્ઞાન જ્યોતિ, સાંખ્યેશ્વર શ્રી કપિલ ભગવાન; ધર્મમર્યાદા-પુરૂષોત્તમ, પૂર્ણાવતાર શ્રી રામ પરમાત્મન્; ચિત્ બ્રહ્માત્મક ઋત- લીલાત્મક શ્રી રામલાલા શ્રી હરિ; બ્રહ્મચર્ય મૂર્તિ શ્રી હનુમાનજી; સત્-મહેશ્વર, દક્ષિણામૂર્તિ શિવશ્રીશંકર ભગવાન; વિતરાગમૂર્તિ શ્રી દત્ત ભગવાન; આર્ષતપોમૂર્તિ શ્રી નર-નારાયણ; કર્મયોગેશ્વર શ્રી કૃષ્ણ પરમાત્મન; ગોપીવાત્સલ્ય શ્રી બાલગોપાલ; પ્રેમાવતાર, ચૈતન્યદેવ શ્રી ગૌરાંગ મહાપ્રભુજી; અક્ષર-પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



ૐ

જ્ઞાનોદ્બોધક શ્રી વિવેકાનંદ; અધ્યાત્મ-દ્યોતક, બ્રહ્મ-માંગલ્યક, સત્યયુગ ધારિન્ શ્રી રામકૃષ્ણ પરમાત્મન્;

અહિંસાત્મિકા, શુચિસ્-સ્થિતા, સૌમ્ય-સ્વરૂપા, આદ્યશક્તિ શ્રી મહાકાલી માતાજી; તપસ્-સ્થિતા બ્રહ્મચરા, પરામ્બા શ્રી પાર્વતી માતાજી (શ્રી ગૌરી, શ્રી અંબાજી, શ્રી અન્નપૂર્ણા, શ્રી સર્વમંગલા, શ્રી સાત્ત્વિકી-દુર્ગા માતાજી); શુદ્ધસત્ત્વાત્મિકા, ચૈતન્ય-સ્થિતા, સત્-વત્સલા શ્રી મહાલક્ષ્મી માતાજી; બ્રહ્મબોધાત્મિકા, ઋતંભરા, સત્-શક્તિ શ્રી મહાસરસ્વતી માતાજી; શુચિપ્રદા, અધ્યાત્મ-અંબા, પરાશક્તિ મા શારદા (શ્રી શ્રી મા); આર્ષ ગાયત્રી માતાજી; પરમ પાવનકારી શ્રી ગંગા માતાજી;

કરુણાવતાર શ્રી બુદ્ધ ભગવાન; ત્યાગમૂર્તિ શ્રી નેમિનાથ ભગવાન (તીર્થંકર); સમદર્શી શ્રી પાર્શ્વનાથ ભગવાન (તીર્થંકર) અહિંસાવતાર શ્રી મહાવીર ભગવાન (તીર્થંકર); શ્રી અહુર મઝ્દ; ઈલોહિમ; ધર્મધુરાધર, ધર્મોદ્ધારક, તિતિક્ષામૂર્તિ શ્રી ઈશુ ભગવાન;
રહીમ, શ્રી સત્યનામ.★

ૐ હ્રીં રામ = હ્રીં યુક્ત મારા (પોત પોતાના) આરાધ્ય ઈષ્ટના સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપનો
મને સાક્ષાત્કાર, પ્રતીતિ અથવા જ્ઞાનપ્રાપ્તિ થાઓ.
જય રામ = સારાએ જગતમાં સત્ય (યુગ) નું સંસ્થાપન થાઓ.
જય જય રામ = ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ) માં
આધ્માત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.


હરિઃ ૐ તત્સત્ ઈતિ રહસ્યાર્થઃ

## પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્

*પરમ પરિબ્રહ્મ પરમાત્માના ઉપર વર્ણવ્યા પ્રમાણેના આરાધ્ય સ્વરૂપોમાંથી પોતપોતાના અભીપ્સિત ઈષ્ટ સ્વરૂપની ભાવભક્તિયુક્ત નિષ્કામ આરાધના, વિશ્વવ્યાપક કૃત-સંસ્થાપક સત્-ધર્મનું એક અગત્યનું અંગ છે, જ્યારે પરંપરાથી માનવામાં આવેલ અથવા આપેલ તેમના ઉપદેશોમાંથી પર્યાપ્ત સમય સુધીની સમ્યક્ (એટલે કે જેમાં સંપૂર્ણ સત્ય, બ્રહ્મચર્ય તથા અહિંસાનું પાલન મુખ્ય છે તેવી) સાધના થકી ઉદ્ભવતી પરાપ્રજ્ઞાથી જાણી શકાય, પૂર્વગ્રહ વગરની સામાન્ય બુદ્ધિથી સમજી શકાય, તેમજ જાગૃત અંતરાત્માથી અનુભવી શકાય તેવું, અધ્યાત્મ, સન્નીતિ, તથા ન્યાય-સુસંગત શુદ્ધ જ્ઞાન માત્રજ સત્યયુગના બ્રહ્મ-વિજ્ઞાનનો અંતર્ગત ભાગ છે.




ૐ
નમઃ
પરમાત્મને
શ્રીસત્-ચિત્-આત્મને
નમઃ
આધ્યાત્મિક
તપોનિષ્ઠ
અખંડ
ભારત
ઋત્-અવિભાજ્ય
નીતિયુક્ત
સત્યનિષ્ઠ
યુદ્ધમુક્ત
જગત
કૃત-વિશ્વરાજ્ય
ॐ ह्रीं राम जय राम जय जय राम
सत्यचिद्घनं करुणात्मकं ब्रह्म
सत्ययुग संस्थापनार्थे
प्रलय निवारणार्थे
पवित्रता
कारुण्यता
सुसत्यं वद
सद्धर्मं चर
ઈશ્વર
સેવા
ह्रीं राम
જય રામ
જય જય રામ.
આત્મોન્નતિ
વિશ્વકલ્યાણ
अमित अविरत
अमृत उत्सवत्
અનન્યતા
સનૈતિકતા
નિષ્કામતા
નિયમિતતા
યજ્ઞાનાં
જપયજ્ઞોઽસ્મિ
સત્શ્રદ્ધા
બ્રહ્મનિષ્ઠા


અધ્યાત્મ
જીવનની
આંતરચાવી
સાત્વિક ધન ધાન્ય
પરા શાંતિ
સત્ સૌંદર્ય
વિશ્વ પ્રેમ
સર્વત્ર શુભ ભાવના
(પરમાત્માના સત્ય
સ્વરૂપમાં)
સમદૃષ્ટિ
અન્યના ઈષ્ટ
પ્રત્યે આદરભાવ
નિષ્કામતા
પોતાના ઈષ્ટ
પ્રત્યે પરમભાવ
બ્રહ્મમંત્ર સ્મરણ
સત્–કર્તવ્ય
પરાયણતા
અપ્રમાદ
નિઃસ્વાર્થતા
સત્ નૈતિકતા
સંયમ
દયા
આત્મૌપમ્યતા
સત્ય
સત્–પ્રિયતા
સત્–નિષ્ઠા
બ્રહ્મચર્યાત્મક
પવિત્રતા
માનયુક્ત કરુણા
૧. આહારમાં
૨. રોગ ઔષધમ સંશોધનમાં
૩. સંતતિ નિયમનમાં
૪. યજ્ઞ યાગાદિની વિધિ વિધાનમાં
૫. ન્યાય નિર્ણયમાં કેવળ અહિંસા
મન–વચન કર્મથી
વસ્તુ, વચન, પ્રતનિષ્ઠ સત્યનું
અવલોકન, પરિપાલન
પ્રતિનિધિત્વ, સંરક્ષણ, સંપ્રસરણ.
ૐ
શ્રી રામ
જય રામ
જય જય રામ

ॐ

ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ

# બ્રહ્મમંત્રનું નિદિધ્યાસન

(મનન, ચિંતન ધારણા તથા ધ્યાન દ્વારા)
જીવનમાં ઉતારવાનું સાધન–સ્વાધ્યાય)

પરમાત્માના પવિત્ર તપ તથા પ્રજ્ઞાન થકી અનાહતમાંથી ઉદ્ભવેલ, ચિદાકાશમાં ગુંજી રહેલ, સત્-શકિત સ્વરૂપ, આ પરમ પાવનકારી, મહામંગલકારી, અધ્યાત્મ-ધર્મનો ઇષ્ટમંત્ર, સત્યયુગનો બીજમંત્ર, બૃહત બ્રહ્માંડમાં વિચરતો, સ્વાતિ નક્ષત્ર જેમ સ્વર્ગ તથા અંતરિક્ષને ઉજજવલ કરતો, પૃથ્વી પર પરમાત્મકૃપારૂપી અમૃત વરસાવી, નિરાશાગ્રસ્ત જનોના નિષ્પ્રાણ જીવનમાં નૂતન ચેતના પૂરતો; (૧)

અવિદ્યાના પ્રલયાત્મક અંધકાર તથા માયાના ભૌતિકવાદી મિથ્યાભાસોની પહેલી પાર, સત્યયુગ-ધારિન્ શ્રી રામકૃષ્ણ પરમાત્માના આધ્યાત્મિક અધીષ્ઠત્વ નીચે, ક્ષિતિજ પર ઝળહળતા, સત્યયુગના સુપ્રભાતનું દિવ્ય દર્શન કરાવી, લોકોને સત્કર્તવ્ય-પરાયણ થવા પ્રેરતો; (૨)

અહમ્ અને મમત્વની અલ્પ કક્ષામાં ભ્રમણ કરતી માનવબુદ્ધિને ઊર્ધ્વગામી કરી, વ્યાપક આત્માની વિશાળ ભૂમિ પર સંપ્રતિષ્ઠિત કરી, ચિત્તને સાંસારિક સ્વાર્થની મોહજાળમાંથી મુક્ત કરી, લોકમાનસમાં વાસ કરતી દ્વેષવૃત્તિને દૂર કરી, સદ્ધર્મના સાર તથા અધ્યાત્મના અર્કરૂપ, કેવળ કરુણામય પરબ્રહ્મ પરમાત્માના સત્ય અવતારમાં નિષ્કામ ભક્તિની ચૈતન્ય જયોત જગાવતો; (૩)

માયિક જગતના મિથ્યા પદાર્થોમાંજ આસકત તથા દુન્યવી વૈભવ-વિલાસમાંજ ડૂબેલ તેમજ સાંસારિક ભોગલાલસાથી સંમોહિત થયેલ અજ્ઞાનમય મનુષ્યોની દેહાત્મબુદ્ધિમાં જ્ઞાન-શક્તિનો સંચાર કરી, તેમને આત્માભિમુખ થવા પ્રેરતો; (૪)

વિવેક-અવિચારી વૈજ્ઞાનિકતા તથા આત્માવિહીન આધુનિકતાને કારણે નીતિ તથા માનવતાહીન બનેલ મનુષ્યોના આહાર-વિહાર, રોગ-ઔષધ-સંશોધન તથા મનોરંજન અર્થે



ॐ

જગતભરમાં વિસ્તરેલ, અગણિત, સંવેદનયુક્ત પ્રાણીઓની અમાનુષી, કૃત્રિમ ઉછેર તથા તેમના અક્ષમ્ય સંવર્ધન દ્વારા અહર્નિશ ચાલતી અસંખ્ય, નિર્દોષ જીવો – પશુ, પક્ષી તથા જળચરોની ઘોર, પાપમય હિંસાનું લોકોને યથાર્થ ભાન કરાવી, તેમના સુષુપ્ત અંતરાત્માને જાગૃત કરી, હૃદયમાં દયાના ઝરણાંને ફરી વહાવી, પરિબ્રહ્મ ઈશ્વરે અપનાવેલ, નિસર્ગની નિરુપદ્રવી, મૂક સૃષ્ટિની રક્ષા કરતો; (૫)

સર્વાત્મક સત્ ધર્મના આવશ્યક અંગ કરુણાત્મક અહિંસારૂપ વિશ્વવ્યાપક ઋતયજ્ઞ દ્વારા, નિઃસહાય પ્રાણીઓના માનવ-સર્જિત, દૈનિક પ્રલયના તાત્કાલિક શમન થકી તથા સત્-સભાન સમાજ દ્વારા પ્રવર્તમાન પાપોના અવરોધ થકી તેમજ લોકોના ભૂતપૂર્વ સમષ્ટિ અનિષ્ટ કર્મોના વિનિયોગ દ્વારા જગતને વિશ્વયુદ્ધ, જળપ્રલય તથા હિમયુગ જેવા અકલ્પ્ય યાતનાયુક્ત પ્રલયાત્મક મહાવિનાશની ઊંડી ગર્તામાં પડતાં બચાવતો; અંતરિક્ષના નિમ્ન પરિબળોના નિરોધ થકી બાહ્ય પ્રકૃતિને નિયમનમાં લાવી, અનાવૃષ્ટિ, ઉલ્કાપાત, અતિવૃષ્ટિ, મહાવાત, ભૂપ્રકંપ, સામુદ્રિક તોફાન, હિંસક ક્રાંતિ તથા સાંક્રમક રોગો જેવી પ્રલયકારી આપત્તિઓની પરંપરાને અટકાવતો; (૬)

આત્મૌપમ્યની સત્-કલ્પનાત્મક ઉદાત્ત ભાવના દ્વારા મનુષ્યોને આર્થિક શોષણ, ગુલામી-દૂષણ તથા સર્વ પ્રકારના દમનયુક્ત શાસનમાંથી મુક્ત કરી, માનવીના મહામૂલ્યવાન રત્ન, વ્યક્તિના ન્યાયયુક્ત સ્વાતંત્ર્યની રક્ષા કરતો; (૭)

ભૌતિક વિજ્ઞાનના અસાધારણ વિકાસને કારણે બાહ્યરૂપે એક બનેલ જગતના સર્વત્ર-શુભ-ભાવનારૂપ સમષ્ટિ-વિશ્વાત્માનું નવનિર્માણ કરી, માનવજાતિના આધ્યાત્મિક જીવન વિકાસમાં અનિવાર્ય રીતે આવશ્યક, ઋત-અવિભાજ્ય, કૃત-વિશ્વરાજ્યની રચના દ્વારા જગતભરમાં ચાલી રહેલ અગાધ લશ્કરી દુર્વ્યય તેમજ રાષ્ટ્રો વચ્ચે થતા વિગ્રહ, માનવ હિંસા, વિનાશ તથા વૈમનસ્યના નિવારણ થકી સત્-ધર્મ તથા સત્-નીતિનું નિરંતર રક્ષણ કરતો; ૮)



ॐ

મલિન વિદ્યા, માયિક શક્તિ તથા આસુરી તંત્રના સતત સાર્વત્રિક ઉન્મૂલન દ્વારા ત્રણે લોકનાં ઉચ્ચ તત્ત્વોને ઇષ્ટ પ્રવૃત્તિમાં પ્રેરી, અવનીને સાત્ત્વિક ધન, ધાન્ય તથા આબાદી વડે સમૃદ્ધ કરતો; (૯)

અધ્યાત્મ-વિજ્ઞાનની આધારશિલા પર સમગ્ર વિશ્વનું સંચાલન કરતો, ઋષિઓ, મુનિઓ, દેવો તથા ભક્તો વડે પ્રદક્ષિણા કરાતો, બ્રહ્મયુગનો આત્મા, સત્-જનોનો પ્રાણ તેમજ ત્રણે લોક (ભૂર્ભુવઃ સ્વઃ) નું આધ્યાત્મિક સંવિધાન – સદ્ધર્મ અથવા ઋત બની અખંડ મંડળમાં વ્યાપી રહેલ છે ! (૧૦)

હરિ : ૐ તત્સત્ ઇતિ ધ્યાનમ્

## પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્

### વિશ્વકલ્યાણ અર્થેની પ્રાર્થના

હે ભગવાન! ભારતભરના રેલ્વેસ્ટેશનો, બસસ્ટેશનો, વિમાની-મથકો, સમુદ્રબંદરો તથા સરકારી અતિથિગૃહો શાકાહારી થઈ જાઓ.

ગાયમાતાની તાત્કાલિક રક્ષા થાઓ. સર્વ નિર્દોષ પ્રાણીઓની તાત્કાલિક રક્ષા થાઓ.

આપ પ્રલય નિવારણ કરી, સત્યયુગનું સંસ્થાપન કરો.

આપનો જય જયકાર થાઓ. આપનો જય જયકાર થાઓ.

**શ્રી સત્-ચિત્-આત્મન્ ભગવાન કી જય**



ॐ


# પ્રાર્થનોપનિષદ્

ૐ મારું હૃદય શરદાકાશ જેવું સ્વચ્છ, આત્મા જેવું વિશાળ તથા તીર્થ સરોવર જેવું કરૂણાપૂર્ણ બનો. મારો અંતરાત્મા સદા જાગૃત તથા સત્-સંકલ્પશીલ રહો. મારી બુદ્ધિ બ્રહ્મનિષ્ઠ, પ્રજ્ઞા-પ્રસ્થાપિત (વિવેકયુક્ત), નિષ્કામ તથા ન્યાયાન્વિત રહો. મારું મન રાગદ્વેષ રહિત, પ્રમાદથી પર, સતત-જપપરાયણ રહો. મારી દૃષ્ટિ પ્રત્યેક પ્રાણીમાં પોતાને જોતી, ઉદાર, અંતરસ્થ તથા તત્ત્વાન્વેષી બનો. મારો અહમ્ મારા આત્માની ઉન્નતિનો અવરોધક ન બનો, અવરોધક ન બનો.

ૐ મારી વાણી સત્યનિષ્ઠ તેમજ સંયમિત, મારું વર્તન સદાચારયુક્ત, મારા વિચારો દિવ્યતાના દ્યોતક બનો. મારું માનસ સ્વદોષદાહી, પરગુણગ્રાહી બનો. મારી ઇંદ્રિયો ઊર્ધ્વગામી બનો. મારા પ્રાણ આધ્યાત્મિકતાના ઇષ્ટ આંદોલનોથી સદાસર્વદા સ્પંદિત રહો. મારું શરીર દેહાત્મભાનમુક્ત તેમજ સદા-શુભ-ક્રિયાશીલ રહો. મારી વાણી, વિચાર તથા વર્તનમાં વિસંવાદિતા ન રહો, વિસંવાદિતા ન રહો.

ૐ મારું સમગ્ર અસ્તિત્વ પરમાત્માભિમુખ તથા પરાભક્તિપૂર્ણ બનો. મારી ભક્તિ, મારા ઇષ્ટના ચરણકમળમાં પરમ ભાવયુક્ત, અનન્ય (છતાં અન્યના ઇષ્ટના દ્રોહ વિનાની) નિષ્કામ (છતાં જીવોના દુઃખ નિવારણની સ્પૃહાવાળી) રહો. બ્રહ્મના સત્પરં, ચિદ્ઘનં, કરૂણાત્મંક સત્ય સ્વભાવમાં જ શ્રદ્ધા, મારા ઇષ્ટની ઉપાસનાનો આધારસ્તંભ બનો. મારું ચારિત્ર્ય સદા પવિત્ર રહો. મારી ચેતના માયા-પ્રેરિત કે અવિદ્યા અવલંબિત કદી ન બનો, કદી પણ ન બનો.

ૐ મારુ જીવન નીતિયુક્ત, સત્કર્તવ્ય-સભર તેમજ અધ્યાત્મલક્ષી બનો. મારું તપ ચિત્તની નિરંતર શુદ્ધિ તેમજ વિશ્વના



ॐ

કેવળ કલ્યાણ અર્થે હો. મારું જ્ઞાન નિર્વિકલ્પ તથા નિર્મળ રહો. મારાં પુણ્યો આત્મસાક્ષાત્કારની સામગ્રીરૂપ બનો. મારા વ્રત અખંડ રહો. મારા કર્મો મારા આત્માની અધોગતિ કરનારા કદી ન બનો, કદી પણ ન બનો.

ૐ મારો આનંદ નિર્દોષ તથા નિર્વિકાર રહો. મારી વિશ્રાંતિ પરમાર્થ તથા પરાર્થનાં કાર્યો કરવામાંજ રહો. સદ્ધર્મજ મારો ધર્મ બનો. દૈવી સત્ત-સંપત્તિજ મારી પ્રાણપ્રિય સંપત્તિ બનો. મારાથી કોઈપણનું અનિષ્ટ કદી ન થાઓ, કદી પણ ન થાઓ.

ૐ હિંસાપ્રાપ્ય વૈભવાહાર, ક્રૂરતા-આવરિત રોગ-ઔષધ સંશોધન, અજ્ઞાનપ્રેરિત જીવબલિ કે કુરબાનીની અધર્મમય પ્રથા તથા મિથ્યા સૌંદર્યાર્થે જગતભરમાં વિસ્તરેલ અસંખ્ય પ્રાણીઓની અહર્નિશ ચાલતી ઘોર હિંસાનું લોકોને યથાર્થ ભાન કરાવી, તેમના હૃદયમાં દયાના ઝરણાંને ફરી વહાવી, નિસર્ગનીઆ નિરુપદ્રવી મૂકસૃષ્ટિની, હે પરમાત્મા રક્ષા કરો, હે પરમેશ્વર રક્ષા કરો.

ૐ પરમ પાવનકારી મહામંગલમય સત્ શક્તિ સ્વરૂપ 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્રના સમજપૂર્વકના અખંડ સ્મરણ થકી મારા ઈષ્ટનો મને સચ્ચિદાનંદ સ્વરૂપે સાક્ષાત્કાર થાઓ, પૃથ્વી પરના પ્રલયના સંયોગોનું સંપૂર્ણ વિસર્જન થઈ જગતભરમાં સત્ય (યુગ) નું સંસ્થાપન થાઓ, ત્રણે લોકમાં આધ્યાત્મિકતાનો જયજયકાર થાઓ, આસુરિતા અને રાક્ષસીપણાનું અસ્તિત્વ ન રહો. અસ્તિત્વ જ ન રહો.

ૐ મારી આ પ્રાર્થનાના સમગ્ર ધ્યેયની પૂર્ણ પ્રાપ્તિ અર્થે પરમાત્માની કૃપાના અધિકારી થવા હું સદા સર્વદા પ્રયત્નશીલ રહું, સદા સર્વદા પ્રયત્નશીલ રહું.

હરિ ૐ તત્સત્ ૐ શાન્તિઃ સત્શાન્તિઃ પરાશાન્તિઃ

**પરમાત્મન્ શ્રી સત્-ચિત્-આત્મન્**



ૐ

## ૐ સત્પરં ચિદ્ઘનં કરુણાત્મકં બ્રહ્મ

અર્થ :- 'બ્રહ્મ' જે કેવળ 'સત્' એટલે કે માયાની વિષમતા વિનાનું શુધ્ધ અસ્તિત્વ,
'ચિદ્ઘન' એટલે કે અધ્યાત્મ જ્ઞાનના અર્કરૂપ તેમજ
કેવળ 'કરુણાત્મક' એટલે કે કરુણા જ જેનો આત્મા છે તે.

- સત્યયુગાવતાર શ્રી આત્મન્ ભગવાન

હે માતા, મન એજ મનુષ્યના બંધન તથા મોક્ષનું કારણ છે. વિષયોમાં આસકત મન બંધનકર્તા બને છે. જયારે પરમેશ્વરમાં પરોવાયેલું એજ મન મોક્ષદાયી છે.

- સાંખ્યેશ્વર શ્રી કપિલ ભગવાન

અહિંસા પરમ કર્તવ્ય છે.

- અહિંસાવતાર ભગવાન મહાવીર

(પૂર્ણ આધ્યાત્મિકતા ના પરમ શ્રેષ્ઠ) આદર્શપાલનની અશકિતને કારણે આદર્શને નીચો તો ન જ કરીએ.

- જ્ઞાનોદ્બોધક શ્રી વિવેકાનંદ

સત્ આચાર પ્રથમ ધર્મ છે.

- અક્ષરપુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન


જેમનું હૃદય પવિત્ર છે તેઓ પરમ પુણ્યશાળી છે તેઓ પ્રભુને પ્રત્યક્ષ નિહાળશે.

- તિતિક્ષામૂર્તિ શ્રી ઈસુ ભગવાન

જેનામાં ધ્યાન અને પ્રજ્ઞા બન્ને છે તેજ નિર્વાણની નજીક છે.

- કરૂણાવતાર શ્રી બુધ્ધ ભગવાન

The less of ego, The more of God




चिद्घनं करुणात्मकं ब्रह्म ॐ
अध्यात्म-विज्ञानम्
ॐ
नमः
परमात्मने
श्रीरामकृष्णाय
सत्ययुग धारिणे
नमः
कृत
अविभाज्यम्
कृत
विश्वराज्यम्
सत्ययुगस्य-संविधानम्
ॐ श्री राम जय राम जय जय राम
.... सत्-चित आत्मन ....
आत्मौपम्यता
स्थितप्रज्ञता
पावित्र्यता
कारुण्यता
ॐ
सूनृतं वद
सद्धर्मं चर
ॐ
सत्यं च शिवम्
चसुन्दरम् (च)
इत्येव सुंदरम्
तदेव अध्यात्मम

# સત્યયુગ-સંસ્થાપન,
# પ્રલય-નિવારણ
# બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞ

પરબ્રહ્મ પરમાત્માના પવિત્ર તપ તથા પ્રજ્ઞાન થકી, અનાહતમાંથી ઉદ્‌ભવેલ, ચિદાકાશમાં ગૂંજી રહેલ, રચનાત્મક આધ્યાત્મિકતાના સર્વધર્મ સત્સંસ્થાપક 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બૃહત્ બ્રહ્મમંત્રની, અધ્યાત્મવિજ્ઞાન અનુસારની, કેવળ પરમાત્મ-પ્રીતિ તથા વિશ્વકલ્યાણ અર્થેની અહર્નિશ થતી અતૂટ ધૂન, એક સામુહિક સાધના છે - સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વની અખંડ ઉપાસના છે ; પોતપોતાના સત્ય ઈષ્ટની અનુપમ આરાધના છે ; વિશ્વયુદ્ધ, હિમયુગ તથા જળસંર્વત જેવી આપત્તિઓની શક્યતા ધરાવતા વર્તમાન પ્રલયબંધના વિનિયોગ તથા નિર્દોષ, મૂક જીવોની સર્વત્ર સંવિધાનાત્મક રક્ષા તેમજ લોકહૃદયમાં દયાસંચાર અર્થેની સમાવર્તી પ્રાર્થના છે ; વિશ્વને અવિદ્યાત્મક કલિના ગુરુત્વાકર્ષણમાંથી ઉંચકી, સત્યયુગની નૈતિક-આધ્યાત્મિક ભ્રમણ કક્ષામાં સંપ્રતિષ્ઠા અર્થેના બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞની ચિન્મય સત્-શક્તિ છે.

સત્યયુગાવતાર
શ્રી સત્-ચિત્-આત્મન્